પ્રકાશક તરફથી જીજ્ઞાસુઓને ભેટ.

ૐ.

" अ, सि, आ, उ, साय, नमः

શ્રી.

સ્ત્રીઓ અને અહિંસા.

લેખક.

મી. અમૃતલાલ સુંદરજી પઢીઆર

મુ.-ચોરવાડ.

(૧)

પ્રકાશક.

શા. દામોદર સુંદરજી ઓઠા. હા. ગીરધરભાઇ.

મુ.-માંગરોળ બંદર.

પ્રત ૧૦૦૦. આવૃતિ ૧ લી.

ઇ. સા. ૧૯૧૫. સા. ૧૯૭૨.

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. સાંકલચંદ હરિલાલે છાપ્યું.

કિંમત.

વાંચન, મનન, નિદીધ્યાસન.

'હેતુ'

"સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહ વિના રાજ્ય નથી, રાજ્ય વિના રાજા નથી, અને રાજા વિના કોઈ દેશનો રક્ષક નથી." એ મહાનુભવ વાક્યને હૃદયગત કરી સ્ત્રી વર્ગની અજ્ઞાનતા દુર કરવા માટેનાં વિચારો મને અહરનિશ થયા કરતા હતા. તેવામાં કચ્છ સંપ્રદાયનાં મર્હુમ પુજ્યપાદ મહાત્મા રત્નશ્રી કર્મસિંહ મહારાજ સાહેબનાં સુવિનીત શિષ્ય અભ્યુદયોત્સાહી વક્તા મુનિશ્રી 'તીલોકચંદજી' સ્વામી થા. ૪ નું અત્રે પધારવું થયું.

હૃદય શુદ્ધ પવિત્ર મુનિશ્રીનાં સહવાસથી, તેમનાં વચનામૃતોનાં પાનથી, અને વિચારોની આપ લે કરવાથી મારા ઉપરોક્ત વિચારો મક્કમપણે આગળ વધ્યા.

એકદા ઉક્ત મુનિશ્રી પાસે 'આર્યપ્રકાસ' પેપરનાં અમુક પૃષ્ટો મારા જોવામાં આવ્યા કે જેમાં મી. પઢીઆર અમૃતલાલ સુંદરજીનો 'સ્ત્રીઓ અને અહિંસા' એ નામનો લેખ હતો. કે જે લેખ વિચાર કરતા યોગ્ય જણાવાથી તેને પુસ્તકરૂપે તૈયાર કરી ખાસ કરીને સ્ત્રી વર્ગમાં વિના મૂલ્યે વહેંચવા મારી જીજ્ઞાસા ઉત્પન્ન થઇ.

ઉક્ત વિચારોને મુનિશ્રી તરફથી અનુમોદન મળતા તેમનીજ પ્રેરણાથી આ પુસ્તક હું વાંચક વર્ગનાં **હસ્તકમળમાં** મુકવા ભાગ્યશાળી થયો છું કે જે માન મુનિશ્રી તિલોકચંદજી મહારાજ સાહેબનેજ ઘટે છે.

લેખ બહાર પાડવા માટે પરવાનગી આપનાર મી. અમૃતલાલ સુંદરજી પઢીઆરનો આ સ્થળે હું ખાસ અંતઃકરણપુર્વક ઉપકાર માનું છું. તેવીજ રીતે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી આ પ્રેસ કૉપી કરી આપનાર ઉદાર આત્મા શ્રાવકબન્ધુ શ્રીયુત મંગલજી હરજીવન ચીતળીયાનો સહર્ષ આભાર માની તેમની ઉન્નતિ સહૃદય ઇચ્છું છું.

છેવટમાં સદરહુ પુસ્તક વાંચી, વિચારી, અંતરગત કરી કાંઇ પણ કર્ત્તવ્ય પરાયણ બનવામાં આવશે તો હું સ્વ આત્માને કૃતાર્થ થયો માનીશ.

લી. વિશ્વોન્નતિ ઇચ્છક.

પ્રકાશક.

ઉપોદ્ઘાત.

" प्रमादात् प्राणव्य परोपणं हिंसा " પ્રમાદવશે જે પ્રાણીભૂત-જીવ-સત્વના જેટલા પ્રાણને (પાંચ ઇન્દ્રીનાં પાંચ પ્રાણ, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ, અને આયુષ્ય એ દશને) જે રીતે આઘાત પ્રત્યાઘાત કરવામાં આવે તે રીત ને " હિંસા " એમ જૈન શાસ્ત્ર કહે છે. ટુંકામાં સાવધાની રાખી-યત્નાપૂર્વક કરાતા પ્રત્યેક કાર્યમાં વિશ્વનાં તમામ પ્રાણીઓપર અંતરનો અવિનાશી શુદ્ધ સાત્વિક ભાવ-વિશ્વ પ્રેમ રાખવો એનું નામ તે ' અહિંસા ' છે. આવી અહિંસામય જીંદગી એ સ્વર્ગીય જીવન ગણાય છે, અને તેમ થવા માટે ઉપયોગમય વર્તન બનાવવાની સંભાળપૂર્વક સૂચના સાથે આ પ્રથમ મણકો વાંચકને હાથમાં આપવામાં આવે છે.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

લી. ભીક્ષુ.

अ, सि, आ, ऊ, साय, नमः

*સ્ત્રીઓ અને અહિંસા.

એ બાબત બહુ જાણવા જેવી છે. કારણ કે સ્ત્રીઓમાં ઘર સંસારી કેટલાંક કામો કુદરતી રીતે જ એવા છે કે બહુ સંભાળથી ચાલવામાં આવે છતાં પણ તેમાં જાણે અજાણે કોઇ કોઇ પ્રકારની જીવ હિંસા થઇ જાય છે. તે માટે આપણા શાસ્ત્રોમાં એમ કહેલું છે કે દરેક ઘરમાં હિંસા

* 'આર્યપ્રકાસ' તા. ૧૧-૧૦-૧૪. તા. ૧૮-૧૦-૧૪. તા. ૧-૧૧-૧૪. માંથી લીધેલ છે.

થવાનાં મુખ્ય પાંચ ઠેકાણાં હોય છે. જેમકે ઘરની અંદર હિંસાના મુખ્ય પાંચ ઠેકાણાં—

૧ ચુલો એ હિંસાનુ મુખ્ય સ્થાન છે. કારણ કે રસોઇ કર્યા વિના કાંઈ ચાલતું નથી. અને રસોઇનું કામ ખાસ કરીને સ્ત્રીઓ જ કરે છે. એ કામમાં જો સંભાળ રાખવામાં ન આવે તો ચુલામાં ઘણી જાતની હિંસા થાય છે. જેમકે મુંબઇની બ્હેનો ને તો અનુભવ નહિ હોય, કારણ કે સ્ટવથી, સગડીથી, અને ગ્યાસનાં ચુલાથી રસોઈ કરે છે. પણ ગામડામાં મેં જોયેલું છે કે ઘણા એ ચુલાઓની અંદર ખુબાખુબ રાખ ભરેલી હોય છે. એ રાખ તેઓ કાંઇ રોજ રોજ કાઢતાં નથી પણ અઠવાડીએ પખવાડીએ કાઢે છે. તેથી એ રાખની અંદર ઘણાંએ જંતુઓ ભરાઇ રહે છે. ચુલામાંથી કાનખજુરા અને વીંછી નીકળતાં પણ મેં જોએલા છે. એ સિવાય એવા પણ કેસ બને છે કે દેશમાં રાંધવા માટે માટીનાં હાંલ્લાં હોય છે તે ધોયા વિના શાક વધારતાં એક વખત એક ઠેકાણે તેમાં શાકની ભેગો વીંછી બફાઈ ગયો હતો. બ્હેનો ! આ કલ્પિત વાતો નથી. પણ આટલી હદ સુધીનાં બનાવો બન્ય કરે છે. માટે રસોઇ નાં કામમાં હિંસા થતિ અટકાવવા સારૂ બહુ ચોકસી રાખવાની જરૂર છે, એજ પ્રમાણે જુના ભીંજાએલાં છાંણાં વાપરવાથી તથા પુરેપુરા સુકાયા વિનાનાં છાંણા વાપરવાથી તેની અંદર જીવડાં હોય છે. લાકડાની ઉપર કીડીઓ ચડેલી હોય છે અને એ બધું બરાબર સાફ કરવામાં ન આવે તો તેમાંથી હિંસા થયાં કરે છે.

૨. હિંસાનું બીજું સ્થાન ઘરની અંદર પાણીઆરૂં છે. પા-

ણીઆરામાં ભીનાશવાળી જગ્યાને લીધે ઘણાં જંતુઓ આવીને બેસે છે. માટે પાણીઆરૂં સાફ રાખવાની ખાસ જરૂર છે. કારણ કે પાણીઆરૂં બરાબર સાફ રાખવામાં ન આવે તો જંતુઓની હિંસા થાય છે એટલું જ નહિં પણ તે જંતુઓ પાણીની મારફત ખાવા પીવામાં આવી જાય તો તેથી તન્દુરસ્તીની પણ ખરાબી થાય છે. એ બહુ જાણીતી વાત છે કે બે ત્રણ દિવસ ગાળ્યા વિનાના પાણીને રાખી મુકવાથી તેની અંદર કરોડો જંતુઓ પડી જાય છે. માટે પાણીને વારંવાર ગાળવાની બાબતમાં પણ બહુજ ચોકસાઇ રાખવી જોઇએ. એમ કરવાથી હિંસા થતી બચે છે અને તન્દુરસ્તી પણ સારી રહી શકે છે.

૩ આપણાં ઘરોની અંદર હિંસાનું ત્રીજું કારણ વાસીદું છે. ઝાડુ કાઢતી વખત સંભાળ રાખવામાં ન આવે તો કીડી મંકોડી વીગેરે ઘણી જાતનાં નાનાં નાનાં જીવડાં મરી જાય છે. એટલુંજ નહિ પણ ઘરમાં સરખી રીતે ઝાડુ કાઢવામાં ન આવે અને સફાઇ રાખવામાં ન આવે તો કરોળીઆ, મચ્છર, ઢેઢ ગરોળી, વિગેરે જંતુઓ ઘરની અંદર ફર્યાં કરે છે અને ખોરાકની વસ્તુઓમાં ઝેર નાખ્યાં કરે છે. માટે ઝાડુની બાબતમાં પણ બહુ સંભાળ રાખવાની જરૂર છે.

૪ ઘરમાં થતા પાપોમાં ઓછું પાપનું ઠેકાણું સુપડુ છે. કારણ કે સુપડાં વડે અનાજ ને સાફ કરવામાં આવે છે. મુંબઇમાં એવી હરકતો બહુ થોડી હોય છે પણ દેશમાં મેં જોએલું છે કે તેઓ વરસ બે વરસનું અનાજ સાથે ભરી રાખે છે. તેમાં કોઇ કોઈ વખત એટલાં બધાં ધનેડાં પડી જાય છે, અને એટલી બધી

ચેળા થઇ જાય છે કે એ જોઇને આપણને અજાયબી લાગ્યા વિના રહે નહિ. એ વખતે બે દરકારી રાખવામાં આવે તો એ બધાં જીવડાંઓને નાશ થાય છે અને એવા જંતુઓ ખોરાકની અંદર જાય તો તેથી પણ ઘણી જાતની ખરાબી થાય છે. કારણ કે એવાં જીવડાંથી આપણી તન્દુરસ્તી ઉપર માઠી અસર થાય છે.

૫. ઘરમાં થતાં પાપોમાં પાંચમાં પાપનું ઠેકાણું ખાંડણીઓ છે. તેની અંદર પ્રસંગોપાત ઘણી ચીજો ખાંડવી પડે છે. અને એ વખતે જો ધ્યાન રાખવામાં ન આવે તો ઘણી જાતની હિંસા થવા સંભવ છે. આ બધી બાબતોમાં વધુ સંભાળ રાખવાની જરૂર છે. જો કે આ બધી બાબતોમાં વિશેષ વિવેચન કરીને કહેવાની જરૂર નથી, કારણ કે એવી બાબતોમાં બધાં જાણીતાં હોય છે. પણ તેમ છતાં સ્ત્રીઓ અને અહિંસા એ વિષયમાં તે ઉપર પણ ધ્યાન ખેંચવાની જરૂર છે. **હિંસાનાં બીજા કેટલાક પ્રસંગો** આ પાંચ ઠેકાણાં સિવાય બીજી પણ કેટલીક રીતે સ્ત્રીઓની મારફત ઘરની અંદર હિંસા થયા કરે છે. માટે એ બધી બાબતો પણ જાણવા લાયક છે. જેમકે—

૧ ઘણે ઠેકાણે અથાણાની અંદર બહુ જંતુઓ હોય છે. કારણ કે કેટલીક જાતનાં અથાણાં વરસ બે વરસ ચાલે તેટલાં બનાવી રાખે છે. પછી તેમાં ચેળા પડી જાય છે. તેને સ્ત્રીઓ ફુલ પડયાં એમ કહે છે. એવાં ફુલ પડેલાં અથાણાંની બરણીઓ મેં બહુ ઠેકાણે જોએલી છે. તે સિવાય અથાણાનાં વાસણો ઉઘાડાં રહી જાય તેથી તેમાં ઉંદર પડી મરી તે સડી ગયાના દાખલા પણ હું જાણુંછું. અને આ વાત સાંભળીને તમને ગ્લાનિ લાગશે, છતાં પણ

પ્રસંગને લઇને મારે જણાવવું જોઇએ કે એક વીશીમાં હું જમતો હતો. તે વીશી વાળી બાઈએ જરા લ્હેરમાં આવી જઇને બહુ હેત કરીને અમને સૌને ગોળકેરીનું અથાણું પીરસતી. તે અથાણામાં ગોળકેરીને બદલે આવી ગએલો વાંદો હતો. એ વાંદો જોઇને અમને સૌને વધુ ગ્લાનિ લાગી. અને જમવું અધુરૂં છોડી ઉઠી ગયા. આવા કેસો પણ સ્ત્રીઓની બે દરકારી ને લીધે ઠેકાણે ઠેકાણે બન્યાં કરે છે. માટે આવી બાબતોની સંભાળ રાખવાની ખાસ જરૂર છે.

૨ ઘણી સ્ત્રીઓના માથામાં તથા ખાસ કરીને તેઓની છોકરીઓના માથામાં ઘણીએ જૂ હોય છે. તથા અતિશય લીખો હોય છે. એ લીખોને મારવાડમાં ઢોલા કહે છે. અને બપોરને વખતે ફુરસદે બેઠી બેઠી સ્ત્રીઓ ઢોલા મારવાનું કામ કરે છે એટલે કે લીખોને પકડી પોતાનાં બે નખ વચ્ચે પીસીને તેને મારી નાંખે છે. એ કામને તેઓ ઢોલા મારવાનું કામ કહે છે. કપડાં સાફ રાખવામાં ન આવે તેને લીધે કપડાંમાં પણ ઘણી જૂ ભરાઇ જાય છે. ગંદા બંધ પાણીની અંદર કપડાં ધોવાથી તેમાં હજારો ઉપર ઉત્પન્ન થઇ જાય છે. અને યાદ રાખજો કે આ બધી વાતોનો તમને અનુભવ નહિ હોય પણ એ બધું મેં ઘણે ઠેકાણે જોએલું છે ને તે બધું મુખ્ય સ્ત્રીઓની બેદરકારીને લીધેજ થાય છે. માટે આવી બાબતોમાં જીવહિંસા થતી અટકાવવાની તથા તંદુરસ્તી સંભાળવાની ખાસ જરૂર છે.

૩. ઘણી સ્ત્રીઓ પોતાનાં ઘરની અંદર ગોળ, ખાંડ, સાકર, મધ અને મીઠાઇ વિગેરે ચીજો ઉઘાડી રાખે છે. તેથી તેની ઉપર હજારો ને લાખો કીડીઓ ચડી જાય છે. એ કીડીઓને ઉતારતી

વખત હજારોની સંખ્યામાં તેઓનો નાશ થઇ જાય છે અને એ સિવાય તે કીડીઓ પોતાના મુખ તથા શરીર મારફત જે ઝેર લઇ આવે તે ઝેર એવી વસ્તુઓમાં દાખલ થઇ જાય છે, તેથી પણ તન્દુરસ્તીને બહુ મોટું નુકશાન થાય છે. માટે એવી બાબતોમાં બની શકે એટલી ચોકસી રાખવાની ખાસ જરૂર છે.

૪ ઘણાં ઘરોની અંદર ગ્યાસલેટના કે તેલના ખુલ્લા દીવા બાળવાની રીતિ હોય છે. એ દીવાની ઉપર ચોમાસા જેવી ૠતુમાં દરરોજ સેંકડો જીવડાં ખેંચાઇ આવે છે. અને તે બિચારાં ત્યાંને ત્યાંજ મરી જાય છે. એ બાબતમાં પણ કેટલીક ચોકસી રાખી શકાય તેમ છે.

૫. ઘણાં ઘરની અંદર દુધની બાબતમાં બહુ બે દરકારી રાખે છે. અને ઘણાં કલાકો સુધી દુધ ઉઘાડું રાખી મુકે છે. તથા ગરમ કર્યા વિના વાપરે છે. પણ યાદ રાખજો કે એમ કરવું એ બહુ જોખમ ભરેલું છે. કારણ કે દુધને થોડા કલાક રાખવાથી તેની અંદર હજારો ને લાખો જંતુઓ ઉત્પન્ન થઇ જાય છે. આવી જ રીતે દુધ સિવાય ખાવાની બીજી વસ્તુઓમાં પણ બહુ સંભાળ રાખવાની જરૂર છે. ઉનાળાનાં દિવસમાં તથા ચોમાસામાં ઘણા દિવસ મીઠાઇઓ રાખી મુકવાથી તેમાં જંતુઓ પડી જાય છે. તથા દાળ, શાક, રોટલી વિગેરે વસ્તુઓ પણ એક બે દિવસ રાખવાથી તેની અંદર પણ ફુગ વળી જાય છે. અને જંતુ બળી જાય છે એથી પરિણામ એ થાય છે કે એક તરફથી જીવોની હિંસા થાય છે ને બીજી તરફથી તન્દુરસ્તીને નુકસાન થાય છે. માટે આ બધી બાબતો બહુ સંભાળવા જેવી છે.

૬. ઘણે ઠેકાણે મને ઉજાગરા કરવાની તક આવે છે. એટલે મને ખબર છે કે પથારીમાં માંકડનું જોર, છાણે લીંપેલી, કે ગાર કરેલી જમીન ઉપર ચાંચડનું જોર અને ભિનાશવાળાં ઘરોમાં મચ્છરોનું જોર પણ જોવાજેવું હોય છે. અને એ બધા જંતુઓ દરરોજ દરેક ઠેકાણે કેટલો બધો ત્રાસ આપે છે! ને કેટલા બધા રોગો ફેલાવે છે!! એની જો ગણતરી કરીએ તો આપણને ત્રાસ લાગ્યા વિના રહે નહિ. આ બધી બાબતોની અંદર સ્ત્રીઓ ઘણુંએ કરી શકે તેમ છે. માટે સ્ત્રીઓ અને અહિંસા એ વિષય સ્ત્રીઓ તેમજ પુરૂષોએ ખાસ જાણવા જેવો છે. યાદ રાખજો કે માંકડ, મચ્છર અને ચાંચડ કાંઇ આસમાનમાંથી અદ્ધરથી આવી પડતા નથી. પણ આપણી બે દરકારીથીજ તેઓ ઉત્પન્ન થાય છે અને આપણને ત્રાસ આપે છે. માટે જો આપણે એ બાબતોમાં જરા વધારે ચોકસી રાખીએ તો એવા જંતુઓને મરતાં બચાવી શકાય છે એટલુંજ નહિ પણ તેઓને ઉત્પન્ન થતાં પણ અટકાવી શકાય છે. અને એમ થવાથી ઘણી જાતનાં રોગો ફેલાતા અટકાવી શકાય છે. અને રોગો ફેલાતા અટકે એ વાત કાંઇ નાનીસુની નથી, કે એ પુન્ય કાંઇ જેવું તેવું નથી. એથી હિંસા પણ અટકે છે.

૭ ઘણી સ્ત્રીઓ ખુણેખાંચરે કચરો ભરી રાખે છે, પોતાનાં ઘરની આસપાસ એંઠવાડ નાંખી મૂકે છે, અને ઘરની અંદર અતિશય ગંદા અને સડેલાં દાળ શાકનાં વાસણોમાં તે ઉપાડતી વખત ખોસ્યા કરે છે. પણ આવી બે દરકારીથી કેટલા બધા જંતુઓને નવો જન્મ મળે છે ! કેટલા બધા જંતુની હિંસા થાય છે ? અને એમાંથી જંતુઓ મારફત જુદી જુદી

જાતનો રોગ ફેલાવવાને લીધે પોતાના બાળકોની તથા પોતાનાં કુટુમ્બીઓની અને આસપાસના લોકોની તન્દુરસ્તીની કેટલીબધી ખરાબી થાય છે એનો ખરો ખ્યાલ આપણા દેશની કરોડો સ્ત્રીઓને હજુ સુધી નથી. તેથી પોતાનાં ઘરની અંદર જે ઠેકાણે અતિશય સફાઇ રાખવી જોઇએ તે ઠેકાણે તદન નકામો બાળી દેવા જેવો કચરો ભરી રાખે છે. અને હજારો માખીઓ બણબણ્યા કરે ને દુર્ગંધી આવ્યા કરે તેવો એઠવાડ પોતાના ઘરની આસપાસ ફેંકયા કરે છે. અને એ પ્રમાણે કાંઈ કોઇક જ દિવસ થાય છે એમ નથી પણ દરરોજ વરસોનાં વરસો સુધી એજ પ્રમાણે થયા કરેછે. અને તેમ છતાં સારા સારા ઘરની ભણેલી ગણેલી સ્ત્રીઓની પણ આવી બાબતમાં આંખો ઉઘડતી નથી. અને જેમ હમેશાં ચાલ્યા કરતું હોય, તેમ ચલાવ્યાં કરેછે. માટે હવે આ બધી બાબતો તરફ આપણે ગામડાની બ્હેનોનું ધ્યાન ખેંચવાની જરૂર છે. કારણ કે એથી બે મુખ્ય લાભ થાય છે. એક તો જીવની હિંસા થતી અટકે છે અને બીજું પોતાની તથા પોતાના કુટુમ્બનાં માણસોની તન્દુરસ્તી સારી રહી શકે છે. માટે આવી ઝીણી ઝીણી બાબતો પણ ધ્યાનમાં રાખવાની દરેક બ્હેનોને ખાસ જરૂર છે.

૮ ઘણી સ્ત્રીઓ પોતાની ડોકમાં તથા પોતાને હાથે અને પોતાનાં છોકરાંની ડોકની અંદર કોઇ કોઈ જાતના દોરાઓ બાંધી રાખે છે. એ દોરાઓ બાંધવામાં ફાયદા છે એમ તેઓ સમજે છે પણ એવા ગંદા દોરાઓ બાંધવાથી કેટલું બધું નુકશાન થાય છે એનો તેઓને જરા પણ ખ્યાલ હોતો નથી. એ દોરાઓ એટલા બધા ગંદા હોય છે અને તેની અંદર એટલા બધા જંતુઓ હોય છે કે

જો કોઈ જંતુશાસ્ત્રીની ઉપર એવા દોરા તપાસ કરવા માટે મોકલી આપ્યા હોય તો તેઓને અજાયબી લાગ્યા વિના રહે નહિ. અને એ બધા દોરાને તેઓ બાળી નાખ્યા વિના રહે નહિ. પોતાની ડોકની અંદર તથા હાથની અંદર વગર કારણનાં નકામાં વહેમ ભરેલાં દોરડાં બાંધી તેના અનેક જાતનાં જંતુઓને ઉછેરવા એ કઇ જાતનું ડહાપણ કહેવાય ! તેમાં મારી તો કાંઇ અકલ પહોંચતી નથી. હું તો જયારે કોઇ પણ સ્ત્રીની ડોકમાં એવા ગંદા દોરા જોઉં છું ત્યારે મને ગ્લાનિ ઉત્પન્ન થાય છે. અને જે બાઇ માટે મને બહુમાન હોય તેવી બાઇને હાથે કે ડોકે જો કોઈ હું દોરા બાંધેલા જોઉં અ-ગર તેનાં છોકરાંને એવી રીતનાં દોરા બાંધેલા જોઉં તો એ બાઇને માટેનું મારૂં માન ઓછું થઇ જાય છે. કારણ કે ખાસ કરીને કો-ઇક જાતનાં વહેમ સિવાય એવા દોરાઓમાં બીજું કાંઇ હોતું નથી. અને આજનાં સુધરેલા જમાનામાં આપણી બ્હેનો ઘણી જાતની વહેનમાં પડી રહે અને વાસ મારતાં જંતુ ઉછેરનારાં દોરડાં પો-તાની ડોકમાં બાંધી રાખે એ ઘણુંજ ખરાબ છે. માટે આ બાબત તરફ ઘણી બ્હેનોનું ધ્યાન ખેંચવાની ખાસ જરૂર છે. કારણ કે એવા ગંધાતા દોરાઓથી તેઓની ખુબસુરતી ઉલટી ખરાબ લાગે છે. આ બાઇ વહેમી છે એમ જોનારના મનમાં લાગી આવે છે અને એ દોરડાંમાં રહેતાં જંતુઓ ઘણી જાતનાં રોગો વધાર્યા કરે છે. કેટલાક પુરૂષો પણ આવી જાતનાં દોરાઓ બાંધ્યા કરે છે પણ એવા નમાલા વહેમીઓને માટે આજનો વિષય નથી. આજે સ્ત્રીઓને અહિંસાનો વિષય છે. અને સ્ત્રીઓમાં જ આ જાતની ભૂલો ઘણી વધારે હોય છે માટે આ બાબત જેમ આપણી બ્હેનો વધારે સમજે તેમ વધારે લાભ છે.

બ્હેનો ! આ પ્રકારે ઘણી જાતની હિંસાઓ આપણા ઘરની અંદર થયાં કરે છે, પણ યાદ રાખજો કે એ બધી સ્થુલ હિંસા છે. અને એવી હિંસામાં બહુ ઉપયોગી નહિં તેવાં કેટલાક જંતુઓ નો નાશ થાય છે. તેનું પાપ લાગી જાય એટલીજ વાત છે. પણ એવા પાપ માટે પ્રાયશ્ચિતરૂપે પંચ મહાયજ્ઞાદિ કરવાથી તથા કેટલીક જાતની ચોકસી રાખવાથી એવી જાતનાં પાપથી બચી શકાય છે. અને પ્રભુની માફી મેળવી શકાય છે. પણ બીજી એ કરતાં વધારે ખરાબ જાતની સુક્ષ્મ હિંસા છે એ હિંસાથી આપણે પોતાને તથા બીજા ઘણા લોકોની ઘણીજ ખરાબી થાય છે અને તેમ છતાં એ બીજી જાતની હિંસાને આપણે જાણતા નથી. માટે એ બીજી જાતની સુક્ષ્મ હિંસા જાણવાની ખાસ જરૂર છે.

હિંસાનો ખરો અર્થ.

હિંસા એટલે જીવોને મારી નાંખવા એટલોજ અર્થ નથી. એતો બહુ સ્થુલ અર્થ છે. અને એવી જાતની હિંસા તો બહુ હલકા પ્રકારના લોકોજ કરે છે. પણ જે આગળ વધેલા જ્ઞાનીઓ તથા ભગતો છે તેઓ તો એમજ સમજે છે કે કોઈનું પણ દીલ દુખાવવું તેનું નામ હિંસા છે. કારણ કે જેમ શરીરને મારવાથી દુઃખ થાય છે તેમજ મારવા સિવાય બીજી પણ ઘણી રીતે માણસોને દુઃખ દઈ શકાય છે. માટે હિંસાનો વિશાળ અર્થ એ છે કે કોઈ પણ જીવને દુઃખ તેનું નામ એક પ્રકારની હિંસા છે. મારી નાંખવું એ સ્થુળ હિંસા છે અને કોઈનું મન દુખાવવું એ સુક્ષ્મ હિંસા છે. આવા પ્રકારની સુક્ષ્મ હિંસા સ્ત્રી અને પુરૂષ બંનેથી થાય છે.

પણ તેમાંએ ખાસ કરીને એક બીજાનાં દીલ દુખાવવાનું કામ સ્ત્રીઓ ઘણું વધારે કરે છે અને એ વિદ્યામાં જાણે તેઓ પાવરધાં થઇ ગયેલાં હોય એમ જણાય છે. માટે સુજ્ઞ બ્હેનોની આગળ સ્થુળ હિંસાની બહુ વાતો કહેવાની જરૂર નથી. કારણ કે એવી જાતની હિંસા કાંઇ તેઓ ઇરાદાપૂર્વક કરતાં નથી. પણ કોઇનું દીલ દુખાવવાની સુક્ષ્મ હિંસા તો તેઓ ઇરાદાપૂર્વક કરે છે એટલુંજ નહિ પણ કેટલીક બ્હેનો તો દીલ દુખાવવાના શાસ્ત્રોનો ખાસ અભ્યાસ કરે છે અને કોઇને લાગતું વચન કેમ કહી દેવું તેનો ખાસ વિચાર કર્યા કરે છે. માટે એ જાતનાં બનાવો સમજી લેવાની પણ ખાસ જરૂર છે.

સ્ત્રીઓથી થતી દીલ દુખાવવાની હિંસા—

૧ ઘણી સ્ત્રીઓ પોતાનુંજ ધાર્યું કરવા ઇચ્છે છે. અને પોતાનો વર તે જાણે એક જાતનું રમકડું હોય તેમજ તેની સાથે વર્તે છે. અને વાત વાતમાં કહે છે કે એમાં તમે તે શું સમજો? પણ આવી વાતો કરતી વખતે તેઓને એમ વિચાર આવતો નથી કે હું કોની સાથે વાત કરૂં છું? પતિ શબ્દનો અર્થ શું છે? વર શબ્દનો અર્થ શું? સ્વામી શબ્દનો અર્થ શું છે? અર્ધાંગના શબ્દનો અર્થ શું છે? અને મારૂ સૌભાગ્ય કોને લીધે છે? એ વાતનો તેઓને ખ્યાલ હોતો નથી. તેથીજ આવી જાતનાં શબ્દો બોલવાથી મારા પ્રિય પતિની લાગણી કેવી દુખાશે એનું પણ કાંઈ તેને ભાન હોતું નથી. તેથી તેતો પોતાની ટેવ પ્રમાણે બકે જાય છે અને પછી તેમાંથી આગળ જતાં એવું થાય છે કે પોતાની એવી કઠોર વાણીને

રોકવા માગે અને તેને ચોખ્ખી સમજણ પડે કે આ પ્રમાણે બોલવાથી કે વર્તવાથી મારા પતિનું મન દુખાય છે છતાં પણ એ બાબતને તે અટકાવી શકતી નથી. આવા શબ્દો આવા કામો કે જેથી કરીને પતિને દીલગીર થવું પડે, તેનું મન મુંઝાયા કરે અને તેનો જીવ બળ્યા કરે, તેવા પ્રસંગો આવે એનું નામ એક પ્રકારની હિંસા છે. અને યાદ રાખજો કે થોડીક કીડી મંકોડી મરી જાય અગર થોડાક માંકડ ચાંચડ મરી જાય તે હિંસા કરતા પતિનું મન દુખાય એ હિંસા ઘણીજ વધારે ખરાબ છે. અને તેમ છતાં આવી જાતની સૂક્ષ્મ હિંસા તરફ આપણી ભલીભલી બ્હેનોનું પણ જેવું જોઇએ તેવું ધ્યાન ખેંચાતું નથી. માટે બ્હેનો ! હવે તો તમારે જરા વધારે ઉંડા ઉતરવું જોઇએ અને માત્ર સ્થુળ હિંસા ન થાય એટલાથીજ રાજી ન થઇ જવું જોઇએ. પણ આવી સૂક્ષ્મ હિંસા પણ કેમ થાય તેની પણ ખાસ કાળજી રાખવી જોઇએ. અને જ્યારે એવી કાળજી રાખી શકો ત્યારેજ તમારી ખુબી કહેવાય પણ આવી કાળજી રાખ્યા વિના વરને રાજી રાખવાની કાળજી રાખ્યા વિના પાણીના પોરા બચાવવાને કે સાકર ઉપરથી કીડીઓ વીણ્યા કરવાની ફીકર રાખ્યા કરો એથી કાંઇ ખરી હિંસા પાળી કહેવાય નહિ. માટે હવે તે હિંસાની બાબતમાં એક પગથીયું આપણે આગળ વધવું જોઇએ. અને કોઇનું પણ દીલ દુખાવવાની હિંસા ન થાય તેની તો જરૂર સંભાળ રાખવી જોઇએ. જો એટલું બની શકે તોપણ હિંસાની બાબતમાં તમે ઘણું સમજેલાં છે એમ કહી શકાય. માટે આ બાબત ઉપર—સૂક્ષ્મ હિંસા ઉપર આપણી દરેક બ્હેનોનું અતિશય ધ્યાન ખેંચવાની ખાસ જરૂર છે. કારણ

કે એ જાતનાં પાપની અંદર આપણે પડેલાં છીએ. માટે હવે એવા મહાન પાપમાંથી છુટવાની કોશીશ કરવી જોઇએ.

૨ વર સાથેના વરઘોડા પૂરા—થયા પછી છોકરાંનો વારો આવે છે. તેથી વળી વાતમાં છોકરાંને હડધુત કર્યા કરે છે. અને ન દેવાની ગાળો દીધા કરે છે. જેમકે દીકરીને રાંડ રાંડ કહ્યા કરે છે. અને છોકરાંને પીટયો પીટયો કર્યા કરે છે. એટલુંજ નહિ પણ જે બાબ-તમાં જરાક ટપકો આપ્યાથી ચાલી શકે તેમ હોય તેવી બાબતમાં પણ લાત મૂક્કીનો ઉપયોગ કરે છે. હવે વિચાર કરવો જોઇએ કે જે બાળકોને મેળવવા માટે વ્રત ઉપવાસ કર્યા હતા. જે બાળકોને મેળવવા માટે દાનદક્ષિણા આપ્યાં હતાં, જે બાળકોને મેળવવા માટે ખરા દીલથી પ્રાર્થનાઓ કરી હતી, જે બાળકોને મેળવવા માટે હમેશાં એને એ જાતની ભાવનાઓ રાખી હતી અને જે બાળકોનો જન્મતે વખતે પોતાનાં ગજા પ્રમાણે ઉત્સવો કર્યા હતા અને લ્હા-ણીઓ કરી હતી તથા જે બાળકો આપણી ભવિષ્યની આશા છે અને આપણા લોહી નું પાણી કરી ને તથા સાચાં ખોટાં કામો ક-રીને જે દોલત મેળવેલી છે તે દોલત અંતે જે બાળકો ને આપી દેવી છે તે બાળકોને વાત વાતમાં ગાળો આપવી, તેઓનું અપમા-ન કરવું અને તેઓની સાથે સખ્તાઈ થી વર્તવું એ શું એક પ્ર-કાર ની હિંસા નથી ? અને તેમ છતાં આપણે જોઇએ છીએ કે ઠેકાણે ઠેકાણે આપણી બ્હેનો જરા પણ ભય રાખ્યા વિના જરા પણ કોઇ જાતનો ડર રાખ્યા વિના એ જાતની હિંસા કર્યા કરે છે. અને એવી જાતની હિંસાથી પોતાના કોમળ બાળકો ને કઠોર લા-ગણી વાળાં બનાવી દે છે. માટે બ્હેનો હવે કીડી, મંકોડી ની હિં-

સા માંજ ન પડયું રહેવું જોઇએ. પણ એ જાતની હિંસા અટકાવવા ની સાથે સાથે આવી જાતની હિંસા થતી અટકે તેની ખાસ સંભાળ લેવી જોઇએ.

૩ છોકરાંઓ પછી ત્રીજે નંબર સસુ સસરા નો આવે છે. ઘણે ઠેકાણે એવું બનેછે કે સાસુ સસરા જુના વિચારનાં હોય છે. અને ઘણે ઠેકાણે તેઓ નાનાને અનુસરતા નવા વિચારનાં હોય છે તેથી વરંવાર મત ભેદ થયા કરે છે. અને તેમાંથી એક બીજાનાં દીલ દુખાય તેવા પ્રસંગો આવ્યા કરે છે, એ પછી નણંદ તથા દેરાણી જેઠાણી સાથે ઝઘડાઓ થાય છે. અને એ વરઘોડા આપણા ઘર સંસારની અંદર તો એટલા બધા જાણીતા છે કે એ માટે કાંઈ વિશેષ વિવેચન કરવાની જરૂર નથી એ પછી પાડોસણી નો વારો આવેછે. હમેશાં દરેક સ્ત્રીઓના પાડોશમાં કોઇ ને કોઇ બાઇ પોતાનામાથી વિરૂદ્ધ વિચારની અગર પોતાને ન ગમે તેવી હોય છે. એવી બાઇઓની સાથે નજીવી નજીવી વાતમાંથી કજીયા થયા કરે છે. જેમ કે ઝાડુ કાઢવામાં કજીયા, દાદર ઉપર પાણીના છાંટા પડયા હોય તેમાંથી કજીયા, છોકરાં સાથે રમતો હોય તેમાંથી કજીયા, એક બીજી કોઇ કોઇની સાથે કાંઇ વાતો કરતી હોય તેમાંથી બધું પોતાની ઉપર ઓઢી લેવાનાં કજીયા, ચમચો કે વાટકો પોતાનાં ઘરણુંથી ખોવાઈ ગયો હોય તે માટે પડોશણ ઉપર વહેમ રાખી ને એના કજીયા, અને એવા બીજા ઘણી જાતનાં કજીયા થયા કરે છે કે જે કજીયા ને જો અટકાવવા માગીએ તો બહુજ સહેલાઈ થી અટકાવી શકાય છે. પણ અફસોસ ની વાત એ છે કે આવી જાતની હિંસાની બાબત માં આપણી બ્હેનો અજાણી છે. તેઓ ને એમ ખબર નથી કે આવી રીતે વિના કારણ કોઈ નું દીલ દુઃખાવવું એ પણ એક જાતનાં હિંસા છે. અને જે બાબત

નજીવી હોય તે તે બહુ વધારી ને મોટી કરવી અગર જે બાબત ખમી ખાવા જેવી હોય તેવી બાબતમાં પણ રજનું ગજ કરી નાંખવું અને પોતાનો જીવ બાળવો તથા પોતાના પાડોશીઓ નો જીવ બાળવો એ એક પ્રકારની હિંસા છે. માટે બ્હેનો ! હવે તો હિંસાનું આવું વિશાળ સ્વરૂપ સમજી ને આવી જાતની સૂક્ષ્મ હિંસાઓ થતી અટકે તેમ કરવું જોઇએ. કારણ કે જીવો ને મારી નાંખવાની હિંસા તો આપણે ઇરાદા પૂર્વક ક્યારેક જ કરીએ છીએ પણ આવી જાતની હિંસા તો આપણી બ્હેનો ખાસ ચાહીને કરે છે. માટે આવી જાતના હિંસા ઉપર ધ્યાન આપવાની ખાસ જરૂર છે. પાડોશણ સાથેનાં કજીયાઓ પછી વેવાણો નો નંબર આવે છે. તેઓ એક બીજીઓ પોત પોતાની વાત રાખવા સારૂ કરીને રજનું ગજ કરી નાંખે છે અને દુધમાંથી પોરા કાઢયા કરે છે. એટલુંજ નહિ પણ એવી વાતોને એટલી બધી લંબાવે છે ને એવી બાબતોનો ચોળી ચોળીને એટલું બધું ચીકણું કરે છે કે તેમાંથી આગળ જતાં એક બીજાની અંદર બહુ મોટા કલેશ ઉત્પન્ન થાય છે. અને તેનાં ફળ પોતાને તથા પોતાનાં વહાલાં છોકરાને ભોગવવાં પડે છે. પણ અફસોસની વાત છે કે આવી જાતની દીલ દુખાવવાની હિંસા તરફ અને તેનાં માઠાં પરિણામ તરફ આપની બ્હેનો હજી સુધી જોઇ શકતી નથી. માટે તેઓમાંથી એ જાતનું અજ્ઞાન હવે આપણે દુર કરવું જોઇએ. વેવાણો પછી નોકરો નો વારો આવે છે. અને નોકરોની મા એ જાણે નોકરોજ જણ્યા હોયની, તેવી રીતે આપણી બ્હેનો તેઓની સાથે વર્તે છે, પણ નોકરો સાથે સખ્તાઇ ભરેલી વર્તણુક વખતે તેઓને એટલો ખ્યાલ રહેતો નથી કે, આ પણ માણસ છે, આ પણ અમારા પ્રભુનાં બાળક છે અને આ પણ અમા-

રાં ભાઇ બ્હેન છે. પોતાની સ્થિતિ નબળી હોય તેને લીધે અગર સંજોગો પ્રતિકૂળ હોય તેને લીધે તેઓ ને હમણાં અમારી નોકરી કરવી પડે છે. પણ તેઓ કાંઇ નોકર થઇ ને જન્મેલા નથી. તેઓના શરીર ની તથા મનની શક્તિઓ અમારા જેવી જ છે. અને એ પણ પ્રભુના કૃપાપાત્ર છે. માટે તેઓની સાથે પણ ન્યાયથી, દયાથી અને ઉદારતા થી વર્તવું જોઇએ. પણ સૂક્ષ્મ હિંસાની વાત આપણી બ્હેનો હજી સુધી સમજતી નથી તેથી આવી બાબતોમાં તેઓ સહનશીલતા રાખી શકતી નથી. આવી બાબતો માં તેઓ પોતાનાં સ્વભાવ ને કાબુમાં રાખી શકતી નથી. અને આવી બાબતોમાં ન્યાય જેટલી વાત ને પણ બહુ ભયંકર બનાવી નાખ્યા વિના તેઓને ચેન પડતું નથી. એટલુંજ નહિ પણ એ માટે જ્યાં સુધી પોતાનું પેટ ભરી ને નોકરને ગાળો દે નહિ તથા પાંચ દશ ઠેકાણે પાંચ દશ વખત તેઓની ફરિયાદ કરે નહિ ત્યાં સુધી તેઓ નો આફરો સમાતો નથી. આવી આપણી લાખો બ્હેનોની સ્થિતિ છે. માટે હવે આપણે આવી અગત્યની બાબતોમાં અહિંસા પાળી શકાય તેમ કરવું. અને યાદ રાખજો કે જ્યારે એમ કરી શકીશું ત્યારે જ ખરી રીતે અહિંસા ધર્મ પાળ્યો ગણાશે. અને ત્યારે જ આપણો આત્મા તથા પરમાત્મા રાજી થશે. માટે હવે આપણે આવી જાતની હિંસા પણ ન થાય એવી જાતની તજવીજ રાખવી જોઇએ.

૪. બ્હેનો ! આ શિવાય રમત ગમતની અંદર તથા મશ્કરીમાં આપણા સ્નેહીઓનું આપણે અપમાન કરી લઇએ છીએ, તેઓને આકરા વચનો કહી દઇએ છીએ, અને તેઓને થોડાક વખત હેરાન થવું પડે એવી રીતે આપણે તેઓની સાથે વર્તીએ છીએ. અને

એવી વર્તુણુક ને પાપ સમજવું જોઇએ તેને બદલે એવી જાતની હિંસાને આપણી એક જાતની ગમત સમજીએ છીએ. તેથી પરિણામ એ થાય છે કે એ જાતની હિંસામાંથી આપણે છુટી શકતાં નથી. માટે હવે આ જાગતા જમાનામાં તો અને આ બુદ્ધિબળનાં જમાનામાં તો આવી જાતની હિંસાની પણ ખાસ ચોકસી રાખવી જોઇએ.

આંખ, કાન વિગેરે ઇંદ્રિયોથી થતિ હિંસા–

બ્હેનો ! તમે સાંભળીને અજબ થશો કે આપણી આંખથી પણ હિંસા થઇ શકે છે. આંખથી હિંસા થઇ શકે છે એ વાત સાંભળીને કોઇને એમ લાગશે કે આંખથી કેવી રીતે હિંસા થઈ શકે ? આંખની પાસે તરવાર છે ? કે આંખની પાસે બંદુક છે ? કે આંખની પાસે લાકડી છે ? કે આંખની પાસે પથરો છે ? કે આંખની પાસે દારૂગોળો છે ? એમાનું કાંઇ પણ આંખની પાસે નથી. ત્યારે આંખથી કેવી રીતે હિંસા થઇ શકે ? પણ આમ સમજવાનું નથી. કારણ કે આંખની પાસે કોઇ પણ જાતનાં સીધી રીતનાં હથીઆર જડ નથી. છતાં પણ અમથી ઘણી જાતની હિંસા થયા કરે છે. દ્વેષને લીધે બગાડવું, ક્રોધ ભરી દ્રષ્ટિ ફેંકવી, કોઇને જોઇને ખરાબ દ્રષ્ટિ તાકી તાકીને જોયા કરવુ અને જે ખાનગી બાબતો જોવાનો આપને હક ન હોય તેવી બાબતો તરફ પણ ખાસ ચાહીને ખુણે ખોંખરેથી જોવું તેનું નામ આંખની હિંસા થયા કરે છે. મતલબ કે આંખે કરીને જે કામ કરવાથી કે જે ચેષ્ટા કરવાથી સામા માણસનું દીલ દુખાય અને તેનાં અંતરને ધક્કો લાગે તથા

તેના મનને મ ડું લાગે તેનું નામ હિંસા છે. આવી રીતે જેમ આંખથી હિંસા થઇ શકે છે તેમજ ઘણી જાતની હિંસા થઇ જાય છે. જેમકે, કોઇની ઇરાદા પૂર્વક નિંદા સાંભળવી, અને ચાહીને કોઇની નિંદા કરી તે બીજાઓને સંભળાવવી એ કાનથી થતિ હિંસા છે. જે વાત સામા માણસને સાંભળવી ન ગમતી હોય તેવી વાત તેની આગળ વારે વારે કહી બતાવવી તથા અયોગ્ય સંભરામણી કર્યાં કરવી તેનું નામ કાનથી થતી હિંસા છે. અને યાદ રાખજો કે આ બધી હિંસાઓ કાંઈ નાનીસુની નથી, તેમજ માત્ર કોઇકજ વખત થાય છે એવી પણ નથી. પણ અફસોસ કે આ જાતની હિંસા દરેક બ્હેનોથી વારંવાર થયા કરે છે. અને એજ પ્રમાણે બીજી બધી ઇન્દ્રિઓથી જુદી જુદી જાતની હિંસા થઇ શકે છે. માટે જો ખરેખરૂં કલ્યાણ કરવું હોય તો હવે આવી જાતની હિંસામાંથી બચવાની ખાસ સવડ રાખવી જોઇએ. એટલુંજ નહિ પણ આવી જાતની હિંસાઓમાંથી બચવું એજ મુદ્દાની વાત છે. અને એજ મુખ્ય વાત છે.

માનસિક વિકારોથી થતી હિંસા.

બ્હેનો ! આ સિવાય અદેખાઇથી વધુ મોટી હિંસા થાય છે. અને યાદ રાખજો કે ઘણી સ્ત્રીઓ બહુજ ચોખ્ખી હોય છે. અદેખાઇનો અવગુણ સ્ત્રીઓની અંદર એટલો બધો ખીલેલો છે કે એ બાબતમાં જ્યારે આપણે વિચાર કરીએ ત્યારે આપણને ત્રાસ લાગ્યા વિના રહે નહિ. બ્હેનો ! અદેખાઇથી પોતાનું લોહી બળ્યા કરે છે. એટલુંજ નહિ પણ જેની અદેખાઈ કરીએ તેની પણ બહુ ખરાબી

થાય છે. અને તેમ છતાં નાનામાં નાની બાબતમાં પણ સ્ત્રીઓ એક બીજાની અદેખાઇ કર્યા કરે છે. બહુજ મોટી બાબત હોય તેની અદેખાઈ થતી હોય અને તે પણ કાંકક સુભ હેતુથી થતી હોય તો એ વાત જુદી છે. પણ આતો ટીલી કરવા માટે અદેખાઇ, ઘરેણાં પહેરવા માટે અદેખાઇ, લુંગડાં પહેરવાં માટે અદેખાઇ, ફરવા હરવા જવા માટે અદેખાઇ, એક સ્ત્રી પોતાનાં ધણીપર વધારે હેત રાખે અગર ધણી પોતાની ધણીઆણી ઉપર વધારે હેત રાખે તે માટે અદેખાઇ, પાડોશણનાં ઘરમાં સારૂં શાક આવે તે માટે અદેખાઇ, અને મંદીરમાં દર્શન કરવાનું હોય તેમાં પણ અદેખાઇ. આવી આપણી લાખો બ્હેનોનાં હાલ છે. અને તેમ છતાં આ બાબતમાં અમારી ભૂલ થાય છે એમ તેઓ જાણતી નથી, એટલે એ ભૂલથી બચવાની તેઓ કોશીશ કરતી નથી. એટલે હમેશાં અદેખાઇનાં કિચડમાંજ ફસાઇ રહે છે. પણ એમ જાણતા નથી કે બહારની હિંસા કરતા આ જાતની માનસિક હિંસા વધારે ખરાબ છે કારણ કે બ્હેનો ! યાદ રાખજો કે આપણે કીડી મંકોડીને મારવાનાં પાપથી કાંઇ ખાસ કરીને નરકમાં જાતાં નથી કારણકે એવા પ્રસંગો બહુજ થોડા આવે છે અને એવા પ્રસંગો આવી પડે ત્યારે તેમાંથી જેટલો બચાવ થાય એટલો કરીએ છીએ. તે પાપ તો કામ, ક્રોધ, લોભ, મોહ, અદેખાઇ વિગેરે છે. અને આવા પાપોને લીધેજ માણસોનો મોટો ભાગ નરકમાં જાય છે. કાંઇ કીડી. મંકોડીનાં પાપને લીધે દુનિયાનો મોટો ભાગ નરકમાં જતો નથી. પણ પોતાનાં વિકારોનાં પાપને લીધે સૌથી વધારે માણસો નરકમાં જાય છે. માટે અદેખાઇ, ક્રોધ, લોભ, મોહ, વિગેરે બાબતોથી જે હિંસા

થઈ જાય છે તે હિંસા ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. અને એવી જાતની હિંસા ન થાય તેની ખાસ દાજ રાખવી જોઇએ. જો કાંઇક અંશે પણ એમ કરી શકીએ તોજ મારા આજનાં આ ભાષણની સાર્થકતા થએલી ગણાય, માટે બ્હેનો ! હું વિનંતિ કરૂંછું કે આવી જાતની સૂક્ષ્મ હિંસાથી જેમ બચાય તેમ બચાવાની કોશીશ કરજો. એટલે પ્રભુ તમારા મદદગાર થશે. અને ધીમે ધીમે તેવી જાતની હિંસામાંથી તમે બચી શકશો.

અફસોસ કરવાથી થતિ હિંસા. બ્હેનો ! આપણા શાસ્ત્રની અંદર ઠેકાણે ઠેકાણે એમ કહેલું છે કે આત્મહત્યા એ બહુજ ખરાબ છે. અને બહુજ ખોટું થાય છે. પણ આત્મહત્યાનો ખરો અર્થ ઘણા લોકો સમજતા નથી. આત્મહત્યાનો આપણે બહુજ સ્થુળ અર્થ કરીએ છીએ તેથી એમજ સમજીએ છીએ કે આપઘાત કરીને મરી જવું તેનું નામ આત્મહત્યા છે. અને એવી રીતે મરવા સારૂ ઝેર ખાય, કુવા તળાવમાં પડે, પીસ્તોલ ખાય, બારીએથી કુદી પડે, ગળાફાંસા ખાય, અગર રેલવે નીચે કચરાઇને મરી જાય તેનેજ આપણે આપઘાત સમજીએ છીએ. પણ યાદ રાખજો કે આપઘાતનો એ અર્થ ઘણોજ સાંકડો છે. જેમ હિંસાનો સાંકડો અર્થ જીવોને મારી નાંખવા એટલોજ માત્ર કરીએ છીએ પણ તેનો ખરો અર્થ વિશાળ અર્થ બીજા કોઇને પણ દુઃખ દેવું તેનું નામ પણ હિંસા છે એમ થાય છે. તેમજ આત્મઘાતનો ખરો અર્થ એ છે કે પોતાના આત્માને દાબી નાંખવો તેનું નામ આત્મહત્યા છે. અને પોતાનાં આત્માને ખીલતો અટકાવવો તેનું નામ આત્મહત્યા છે. પોતાના આત્માને નીચે ઉતારી દેવો તેનુ નામ આત્મહત્યા છે. નજીવી

નજીવી બાબતો સારૂ કરીને ધક્કા માર્યા કરવા અને તે તેને તરફ ડાળવો તેનું નામ આત્મહત્યા છે. અને ખાસ કરીને બહુ અફસોસ કર્યા કરવાથી જીવ ઢીલો પડી જાય છે. પોતાનાં સ્વરૂપનું ભાન ભૂલી જાય છે, અને જે વસ્તુની પોતાને જરા પણ દરકાર નથી તેવી ચીજો સારૂ તે દુઃખી થયા કરે છે. આવી સ્થિતિ થાય તેનું નામ આત્મહત્યા છે. અને યાદ રાખજો કે આપણી લગભગ બધી બ્હેનો અફસોસ કરવાની બાબતમાં અતિશય હોશિયાર હોય છે. બાપનાં બાપને યાદ કરીને અને સાત પેઢીની વંશાવળી વાંચીને તેનો અફ-સોસ કરતાં તેઓને આવડે છે. એટલુંજ નહિં પણ જે દુઃખો હા-લમાં દુનિયામાં દ્રષ્ટાંત ન હોય પણ તેઓનાં છોકરાંના છોકરાંને ફલાણા બાબતથી દુઃખ થશે. એમ શંકા લાગતી હોય તેવી બાબ-તોને માટે પણ અત્યારથી પોક શ્રાધ મુકતાં પણ સ્ત્રીઓને બહુ સારી રીતે આવડે છે. મને લાગે છે કે જો કોઈ માણસ એવા બનાવો કાઢે કે જે માણસને સૌથી વધારે અફસોસ કરતાં આવડે તેને અમુક ઈનામ કે ચાંદ મળે તો ખાસ કરીને એ બધા ચાંદો સ્ત્રીઓજ લઇ જાય એમાં કાંઇ પણ શક નથી. મતલબ કે જે વાતનો અફસોસ કરવાની જરાપણ જરૂર ન હોય તેવી બાબતોમાં પણ તેવો અફસોસ કર્યા કરે છે અને જે બનાવો ભૂતકાળમાં બની ગયા હોય અગર ભવિષ્યકાળમાં બનવાના હોય તેનો પણ તેઓ અફસોસ કર્યા કરે છે. અને એક સોય ખોવાઈ જાય, બટન ખો-વાઈ જાય, અગર એક ચમચો જડતાં જરા વાર લાગે કે તેલનું પાવલું ઘોળાઇ જાય, સ્વચ્છ પાણીનો છાંટો ઉડી જાય એ સારૂ પણ તેઓ મરવા જેવું કરી નાંખે છે. પણ અફસોસ કે તેઓને

ખબર નથી કે એમ કરવું તેનું નામ આત્મઘાત છે. અને આત્મઘાત એ બહુજ ખોટું પાપ છે. માટે બ્હેનો ! જો આત્મઘાતનાં મહાન પાપમાંથી બચવું હોય, અને આત્માને વારંવાર નીચો પાડી નાખતાં તથા ઢીલો પાડી નાખતાં અટકાવો હોય તો અફસોસ કરવાની ટેવને દુર કરો. કારણ કે અફસોસ એ બહુજ ખરાબ વસ્તુ છે. માટે શ્રી કૃષ્ણ ભગવાને ગીતાની શરૂઆતમાં જ કહેલું છે કે હે અર્જુન ! જે ખરા જ્ઞાનીઓ છે તેઓ જે બનાવો બની ગયા તેનો અફસોસ કરતા નથી અને જે બનાવો હવે પછી બનવાના છે તેનો પણ અફસોસ કરતા નથી કારણ કે એક તરફથી અફસોસ કરવો અને બીજી તરફથી ડહાપણની વાતો કરવી એથી કાંઇ ફાયદો થતો નથી. માટે જો ખરી રીતે આત્માની ઉન્નત્તિ કરવી હોય તો અફસોસને તજી દેવો જોઇએ. આવી રીતનો ગીતાનો સિદ્ધાંત છે. માટે બ્હેનો ! જો ખરેખરી રીતે હિંસામાંથી બચવું હોય તો અફસોસ કરીને આત્મઘાતી થાઓ માં પણ અફસોસરૂપિ આત્મઘાતનાં મહા પાપમાંથી બચવાની કોશીશ કરો. એજ મારી વિનંતિ છે.

જ્ઞાનને વધતું અટકાવવું એ બહુ મોટામાંમોટું પાપ છે.

બ્હેનો ! આપણા શાસ્ત્રોમાં સૌથી મોટામાં મોટું પાપ કયું ગણેલું છે ? એ તમે જાણો છો ? યાદ રાખજો કે બ્રહ્મહત્યાનું પાપ પ્રાચીન ઋષીઓએ સૌથી મોટામાં મોટું ગણેલું છે, તેથી જ્યાં જ્યાં પાપની ગણુના આવે ત્યાં ત્યાં બ્રહ્મહત્યાના મહાન પાપને પ્રથમ જણાવે છે એટલુંજ નહિં પણ કેટલીક વખત બ્રહ્મહત્યા જેવું કાંઇ કરેલું ન હોય છતાં પણ તેઓને બ્રહ્મહત્યા લાગી. એમ પુરાણોમાં કહેલું હોય છે. આ બધું સાંભળી મને બહુ અજાયબી લાગતી કે

આમ તે કેમ થતું હશે ? બ્રાહ્મણને માર્યો ન હોય છતાં પણ બ્રહ્મહત્યા કેમ લાગતી હશે ? અને એવું બ્રાહ્મણનું ખુન કરવા જેવું અધમ પ્રકારનું પાપ તો કોઇકજ માણસ કોઇકજ વખતે કરે છતાં પણ એ પાપની વારે વારે ગણના કેમ થયા કરતી હશે ? એ બાબત હું બરાબર સમજતો નહિ તેથી મને તેમાં ઘણી મુશ્કેલી લાગતી હતી અને બહુ ગુંચવાડો થતો હતો. પણ એ પછી હમણાં થોડા વખત ઉપર યાજ્ઞવલ્કયની વાત વાંચતાં તેમાંથી મને એમ લાગ્યું કે બ્રહ્મહત્યાનો ખરો અર્થ કાંઇક જુદોજ છે. કારણ કે અસલનાં વખતમાં બ્રાહ્મણોનું એટલું બધું માન હતું અને બ્રાહ્મણોની એટલી બધી સત્તા હતી તથા બ્રાહ્મણોને મારવામાં એટલું બધું મોટું પાપ ગણાતું હતું અને બ્રાહ્મણો પોતે એટલા બધા શુદ્ધ આચરણવાળા તથા નિસ્પૃહી હતા કે તે વખતે તેઓને કોઇ મારે જ નહિં. એટલુંજ નહિં પણ હાલમાં બ્રાહ્મણોનું એવું માન રહ્યુ નથી, અને બ્રાહ્મણોનાં એવા આચરણો પણ રહ્યાં નથી. છતાં પણ બ્રાહ્મણોની હત્યા થવાનાં દાખલા કવચિતજ મળે છે અને તેમ છતાં બ્રહ્મહત્યા એ શબ્દ અસલનાં વખતમાં વારે વારે વપરાએલો છે માટે તેનો અર્થ આપણે જાણવો જોઇએ. એ માટે પુરાણમાં યાજ્ઞવલ્કય નાં આખ્યાન માં એમ લખેલું છે કે વૈશંપાયન નામે બહુ મોટા ઋષિ હતા. તેઓ મહા જ્ઞાનિ હતા. અને બહુ વૃદ્ધ ઉમરનાં હતા. એક વખત ઋષિઓ એ પંડિતોની તથા ત્યાગીઓ ની બહુ મોટી સભા ભરી અને એ સભામાં આવવા સૌને આમંત્રણ કર્યું. તેમાં એ વૈશંપાયન ઋષિને પણ આમંત્રણ કર્યું. એ ઋષિ એ સભામાં ગયાનહિ. તેથી તેમને બ્રહ્મહત્યા લાગી. હવે આ વાતનો હેતુ એ છે કે વૈશંપાયન ઋષિએ જ્ઞાન

મેળવવાની તક ગુમાવી. એ તેમને મહાપાપ લાગ્યું. બ્હેનો! વેદનાં વખતમાં તથા ઉપનિષદનાં વખતમાં જ્ઞાનનું બીજું નામ બ્રાહ્મ હતું માટે બ્રહ્મહત્યા એટલે બ્રાહ્મણની હત્યા એમ નહિ, તેમજ બ્રહ્મ હત્યા એટલે જે બ્રહ્મ નિરંજન છે, નિરાકાર છે અને જેનું સ્વરૂપ ખ્યાલમાં આવી શકે તેવું નથી તે બ્રહ્મની હત્યા થાય તેમ નથી. બ્રાહ્મહત્યા એટલે જ્ઞાનની હત્યા એવો તેનો ખરો અર્થ છે. મતલબ કે જ્ઞાન મેળવવાની કોઇ પણ તક ગુમાવવી તેનું નામ બ્રહ્મહત્યા છે. પછી એ જ્ઞાન ગમે તો પુસ્તકોથી મળતું હોય, ગમે તો સત્સંગથી મળતું હોય, ગમે તો સ્કૂલોમાંથી મળતું હોય, ગમે તો મુસાફરીમાંથી મળતું હોય, ગમે તો ધંધારોજગાર માં થી મળતું હોય, ગમે તો તપતીર્થમાંથી મળતું હોય પણ કોઇ પણ રીતે મળતા જ્ઞાનને અટકાવવું તેનું નામ બ્રહ્મહત્યા છે. એટલે કે જ્ઞાન ને વધતું અટકાવવું એ સૌથી મોટામાં મોટું પાપ છે. અને તેમ છતાં હવે તમે જુઓ આપણી કેટલી બધી બ્હેનો કેટલી બધી રીતે જ્ઞાન વધતું અટકાવી દે છે. પોતે જાતે જ્ઞાનનો લાભ લેતા નથી એટલુંજ નહિ પણ પોતાનાં ભાઇઓ પોતાનાં પતિ અને પોતાનાં પુત્રો તથા પોતાનાં મિત્રો જેઓ જ્ઞાન મેળવી શકે તેવા હોય તેઓને પણ જ્ઞાન મેળવતા અટકાવી દે છે. જેમકે કોઇ માણસ કહે કે મારે હજી વધારે અભ્યાસ કરવા માટે વિલાયત જવું છે ત્યારે તેની મા રોવા માંડે છે અને કહે છે કે દીકરા! તું એટલે બધે દુર જા એ કાંઈ બને નહિ કોઇ વિદ્યાર્થી હજી વધારે અભ્યાસ કરવા માગતો હોય ત્યારે જેની બ્હેન કહે કે ભાઇ! હવે ઘણું ભણ્યા. આપણા ઘરની સ્થિતિ સામે પણ જોવું જોઇએ. મા સાજા-માંદા છે માટે હવે ભણવું

છોડી દો અને ઝટ ઝટ પરણી લ્યો. એટલે વહુના હાથના રોટલા ખાવાથી માને ટાઢક થાય. જ્યારે કોઇ પુરૂષ કોઇ સભામાં જતા હોય ત્યારે તેની બાઇડી કહે કે હવે ત્યાં તે જઇને શું કરવું છે? તમે કયાં એવી સભાઓ નથી જોઇ? જજો કોઇ વખત. આજે તો માંડીવાળો. આવી રીતે દરેક બાબતમાં તેઓ આડે આવે છે ને જ્ઞાનને વધતું અટકાવી દે છે. કારણ કે જ્ઞાનનું બીજું નામ બ્રહ્મ છે અને જ્ઞાનની હત્યા કરવી એટલે કે જ્ઞાનને વધતું અટકાવવું તેનુંજ નામ બ્રહ્મહત્યા છે. અને એજ સૌથી મોટામાં મોટું પાપ છે. એ વાત આપણી કોઈ પણ બ્હેનો જેવા સ્વરૂપમાં જાણવી જોઇએ તેવા સ્વરૂપમાં જાણતી નથી. તેથી જ્ઞાનહત્યાનાં પાપ તેઓ વારંવાર કર્યા કરે છે. અને એથીજ આપણી પોતાની તથા આપણા દેશની પડતી થાય છે. કારણ કે જ્ઞાન એ દુનિયામાં મોટામાં મોટી શક્તિ છે. દુનિયાની દરેક સારામાં સારી વસ્તુઓ જ્ઞાનથીજ બની છે. એટલુંજ નહિ પણ શાસ્ત્રનો છેક એટલે સુધીનો સિદ્ધાંત છે કે જ્ઞાનથીજ મોક્ષ થઇ શકે છે. જ્ઞાન વિના બીજાં કોઇ પણ સાધનોથી જન્મ મરણનાં ફેરામાંથી છુટી શકાતું નથી. અને અનંતકાળનો અખંડ આનંદ આપી શકે એવી મહાન શક્તિ તો જ્ઞાનની અંદરજ છે. માટે એવા અલૌકીક જ્ઞાનનો નાશ કરવો અગર તેને વધતું અટકાવવું એ બહુ મોટામાં મોટું પાપ છે. માટે બ્હેનો! આજે હિંસાથી બચવા ઇચ્છીએ છીએ ત્યારે તો બ્રહ્મહત્યા ન થાય. એ બાબત ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. અને જેમ બને તેમ જ્ઞાન વધી શકે તેવા ઉપાયો કરવા જોઇએ.

બ્હેનો! છેવટ મારે એજ વિનંતી કરવાની છે કે આ બધી

બાબતો બનીશકે એટલી પામવાની કોશીશ કરજો. અને ચ
જે બ્હેનો આવી બાબતો ન જાણતી હોય તેઓને કાને
અગત્યની વાતો પહોંચે તેમ કરજો. કારણ કે આપણે પોતે
ન કરીએ એમાંજ કાંઈ બહુ મોટી વાત નથી. પણ અ
ઘણાં એ ભાઇ બ્હેનોને હિંસા કરતા અટકાવીએ ત્યારે જ
ખુબી કહેવાય છે. માટે એવી તક લેવાની મહેરબાની કરજો
મારી વિનંતી છે. હવે છેવટ એજકે આવી જાતની હિંસાઓ
અટકાવવાં ને પરમકૃપાળુ પરમાત્મા આપણને બળ આપે
હુ પ્રાર્થના કરૂં છુ.

ૐ શાંતિ શાંતિ શાંતિઃ

સમાપ્ત.